અમ તિમિરે તવ તેજ જગવજે, અમ રુધિરે તવ રવ પેટવજે, અમ અંતરમાં તવ પદ ધરજે

રાજ્યમાં વધુ ૭૪૧૦ નવા કેસ : ગાંધીનગરમાં ૧૨૦ : અમદાવાદમાં ૨૪૯૧




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪ | ૧૫ એપ્રિલ, ૨૦૨૧, ગુરુવાર; ચૈત્ર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના અનહદ : દેશમાં ૧.૮૪ લાખ નવા કેસ

### ૧૦૦૦થી વધુ મોત : સમગ્ર દેશ પર કોરોનાના અજગર ભરડો : દેશમાં વધુ ૮૨,૩૩૯ લોકો કોરોનાની સામે જંગ જીત્યા, સાજા થયેલ દર્દીઓની સંખ્યા ૧૨૩૩૬૦૩૬ પર પહોંચી

ભારતમાં કોરોના વાયરસના કેસ એટલા ઝડપથી વધી રહ્યા છે કે ભારત દુનિયાનો બીજા નંબર નંબરનો દેશ બની ગયો છે કે જ્યાં કોરોનાના કેસ સૌથી વધુ છે. દેશમાં આવેલી કોરોનાની બીજી લહેર અટકવાનું નામ જ નથી લઈ રહી. દેશમાં રોકેટ ગતિએ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૧.૮૪ લાખ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૧૦૦૦ કરતા વધુ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં નવા ૧,૮૪,૩૭૨ નવા કોરોના કેસ નોંધાયા છે, જ્યારે એક જ દિવસમાં ૧,૦૨૭ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. આ પહેલા સોમવારે નોંધાયેલા કેસમાં ૮૭૯ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો હતો અને નવા કેસનો આંકડો ૧.૬૧ લાખ નોંધાયો હતો.

ભારતમાં કોરોના વાયરસના નવા કેસમાં સતત થઈ રહેલા વધારાના કારણે કુલ કેસનો આંકડો ૧,૩૮,૭૩,૮૨૫ પર પહોંચી ગયા છે, જ્યારે કુલ ૧,૭૨,૦૮૪ કોરોનાના દર્દીઓએ દેશમાં જીવ ગુમાવ્યો છે. હાલ દેશમાં જે રીતે કોરોનાના કેસ વધી રહ્યા છે તેના કારણે એક્ટિવ કેસનો આંકડો ૧૩ લાખને પાર કરીને ૧૩,૬૫,૭૦૪ પર પહોંચી ગયો છે.

પાછલા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૮૨,૩૩૯ લોકો કોરોનાની સામે જંગ જીત્યા છે, ભારતમાં કોરોનાને હરાવીને કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧,૨૩,૩૬,૦૩૬ પર પહોંચી ગઈ છે. ભારતમાં આજના દિવસ સુધીમાં કોરોનાની સામે ૧૧,૧૧,૭૯,૫૭૮ નાગરિકોને રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

દેશમાં ૧૬ જાન્યુઆરીથી રસીકરણ અભિયાનની શરુઆત કરવામાં આવી છે, જેમાં કોરોના વોરિયર્સને રસી આપવામાં આવી

## દેશમાં વ્યાપક સ્તરે લોકડાઉન નહીં લગાવાય : સીતારામન્

નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે સ્પષ્ટ કર્યું કે, સરકાર વ્યાપક સ્તર 'લોકડાઉન' નહીં લગાવે અને મહામારીને રોકવા માટે માત્ર સ્થાનિક સ્તર પર નિયંત્રણના પગલાં ઉઠાવશે. દેશમાં કોરોના વાયરસના વધતા મામલા વચ્ચે તેમણે આ વાત કરી.

વર્લ્ડ બેંકના અધ્યક્ષ ડેવિડ માલપાસની સાથે 'ઓનલાઈન' બેઠકમાં સીતારમણે ભારતને વિકાસ માટે હજુ વધારે લોન સુવિધાની શક્યતા વધારવા માટે વર્લ્ડ બેંકની પહેલની ભલામણ કરી. નાણા મંત્રાલયે ટ્વીટર પર લખ્યું છે કે, 'નાણામંત્રીએ કોરોના વાયરસ મહામારીને ફરીથી ફેલાતી રોકવા માટે પાંચ સૂત્રની રણનીતિ તપાસ, શોધવું, સારવાર કરવી, રસીકરણ અને કોવિડ-૧૯ને ફેલાતો રોકવા માટે યોગ્ય આચરણ સહિત ભારત તરફથી ઉઠાવાયેલા પગલાં અંગે જણાવ્યું.'



'બીજી વખત સંક્રમણને ઝડપથી ફેલાવા છતાં અમારું સ્પષ્ટ વલણ છે કે, અમે વ્યાપક સ્તર પર 'લોકડાઉન' લગાવવા નથી જઈ રહ્યા. અમે પૂર્ણ રીતે અર્થવ્યવસ્થાને ઠપ નથી કરવા ઈચ્છતા. સ્થાનિક સ્તર પર કોવિડ દર્દીઓ કે પરિવારને અલગ રાખવાના ઉપાય કરાશે. સ્થાનિક સ્તર પર નિયંત્રણના ઉપાયો દ્વારા સંકટને દૂર કરાશે. લોકડાઉન નહીં લગાવાય.'

સીતારમણે હરિયાળો, મજબૂત અને સમાવેશી વિકાસ મેળવવા માટે એલઈડી બલ્બના વિતરણ, રાષ્ટ્રીય જૈવ ઈંધણ નીતિ અંતર્ગત પેટ્રોલમાં એથનોલનું મિશ્રણ, સ્વૈચ્છિક વાહન સ્ક્રેપ નીતિ, ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટેના સરકારના કાર્યક્રમોની જાણકારી આપી.

## સીબીએસઈની ધોરણ-૧૦ની પરીક્ષા રદ, ધો. ૧૨ની સ્થગિત

### વડાપ્રધાને બોલાવેલી બેઠક બાદ નિર્ણય લેવામાં આવ્યો : દેશભરમાં ખૂબ જ ઝડપથી વધી રહેલા કોરોના સંકટ વચ્ચે અનેક રાજ્યના મુખ્યમંત્રીઓ અને નેતાઓએ પરીક્ષાઓ રદ્દ કરવા માટેની વિનંતી કરી હતી

નવી દિલ્હી, તા. ૧૪

કોરોના વાયરસના વધી રહેલા પ્રકોપ વચ્ચે સીબીએસઈ બોર્ડ્સની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ટાળવા માટે માંગણી થઈ રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે આ મામલે શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ 'નિશંક' અને શિક્ષણ મંત્રાલયના અન્ય અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક બાદ શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલે સીબીએસઈ બોર્ડની ૧૦મા ધોરણની પરીક્ષા રદ્દ કરવાની જ્યારે ૧૨મા ધોરણની પરીક્ષા સ્થગિત કરવાની જાહેરાત કરી છે.

કોરોનાના પ્રકોપ વચ્ચે બુધવારે મધ્ય પ્રદેશમાં ૧૦મા અને ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષાઓને પાછી ઠેલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એમપી સ્કુલ એજ્યુકેશન વિભાગે આદેશ બહાર પાડીને બોર્ડની પરીક્ષાઓને એક મહિના માટે ટાળી દીધી છે. સીબીએસઈ બોર્ડે ૧૦મા અને ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષા નિર્ધારિત શિડ્યુલ પ્રમાણે જ લેવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. તેના વિરોધમાં વિદ્યાર્થીઓએ ૧૦મી એપ્રિલે સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય લીધો હતો.

દેશમાં ખૂબ જ ઝડપથી વધી રહેલા કોરોના સંકટ વચ્ચે અનેક રાજયના મુખ્યમંત્રીઓ, નેતાઓએ પરીક્ષા રદ્દ કરવાની વિનંતી કરી હતી. દેશના આશરે ૩૦ લાખ બાળકોને સીબીએસઈ બોર્ડની પરીક્ષાઓ આપવાની છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વગેરે પરીક્ષા રદ્દ કરવાની માંગણી કરી ચુક્યા છે.

કોરોના કાળ દરમિયાન બાળકોનો મોટા ભાગનો અભ્યાસ ઓનલાઈન થતો હતો. વચ્ચે કોરોનાના કેસ ઘટ્યા એટલે શાળાઓ ખોલવામાં આવી હતી. પરંતુ હવે પરીક્ષા સમયે ફરી કેસમાં ઉછાળો આવ્યો છે. આ કારણે અનેક રાજ્યોએ બોર્ડની પરીક્ષા ટાળી દીધી છે ત્યારે કેન્દ્ર પર સીબીએસઈની પરીક્ષાઓ ટાળવા દબાણ બન્યું હતું.

## ભારતમાં વધુ ત્રણ વેક્સિનને મંજૂરી અપાય તેવી શક્યતા

### દેશમાં વેક્સિનેશન ઝુંબેશને તેજ બનાવવાની ક્વાયત : દેશમાં હાલમાં બે રસી ઉપયોગમાં, ત્રીજી રસી સ્પુતનિકને સરકારે મંજૂરી આપી દીધી હોવાથી જલ્દી બજારમાં મળશે

નવી દિલ્હી, તા. ૧૪

દેશમાં કોરોનાના સંક્રમણે સર્જેલી વિકરાળ પરિસ્થિતિ વચ્ચે રસીકરણ અભિયાનને વેગ આપવા માટે સરકારે બીજી કંપનીઓની વેક્સીનને ભારતમાં ઉપયોગ માટે મંજૂરી આપ્યા વગર છુટકો નથી. એવા અહેવાલો મળ્યા છે કે, દેશના રસીકરણને વેગવંતુ બનાવવા માટે આગામી એકાદ મહિનામાં અમેરિકાની ત્રણ કંપનીઓ ફાઈઝર, જોન્સન એન્ડ જોન્સન તેમજ મોડર્નાની રસીને પણ સરકાર મંજૂરી આપી શકે છે. આ માટે વાતચીત શરુ થઈ ચુકી છે. આ પૈકી સૌથી પહેલા જોન્સન એન્ડ જોન્સનની રસીને મંજૂરી મળે તેવી શક્યતા છે.

અગાઉ ફાઈઝરે મંજૂરી માટે આવી રહેલા વિઘ્નોથી કંટાળીને પોતાની અરજી પાછી ખેંચી હતી. જોકે ફાઈઝર પાસે વેક્સીન પ્રોડક્શનની વધારે ક્ષમતા નથી. એટલે ફાઈઝરની રસી માટે વાર લાગી શકે છે. બીજી તરફ જોન્સન એન્ડ જોન્સન દ્વારા સરકાર સાથે રસીને બજારમાં મુકવા માટે પ્રાથમિક તબક્કાની વાટાઘાટો થઈ ચુકી છે.

## ઓક્સિજનની જરૂર હોય એવા દર્દીને જ રેમડેસિવરની મંજૂરી

નવી દિલ્હી, તા. ૧૪

કોરોના મહામારીના હાહાકાર વચ્ચે રેમડિસિવર ઈન્જેક્શનની સર્જાયેલી અછત વચ્ચે કેન્દ્ર સરકારે તેના ઉપયોગ માટે નવી ગાઈડલાઈન બહાર પાડી છે.

નવા નિયમો પ્રમાણે સરકારે હવે હોસ્પિટલ સિવાય બીજી કોઈ પણ જગ્યાએ રેમડિસિવિરના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો છે. સરકારે કહ્યુ છે કે, રેમડિસિવિરનો ઉપયોગ મેડિકલ શોપમાં નહીં થાય. તેનો ઉપયોગ માત્ર હોસ્પિટલમાં એ જ દર્દીઓ પર કરવામાં આવશે જેમને ઓક્સિજનની જરુર પડતી હોય છે. આ ઈન્જેક્શનનો ઘરે પણ ઉપયોગ નહીં થઈ શકે. મતલબ કે દુકાનો પરથી કોઈ આ ઈન્જેક્શન ખરીદી નહીં શકે.




કોવિડના મામલામાં થઈ રહેલા વધારાના કારણે હાલમાં રેમડિસિવરની માંગમાં ભારે વધારો થયો છે. આ સિવાય સરકારે હોસ્પિટલ અને ગંભીર દર્દીઓ સુધી ઈન્જેક્શન પહોંચે તે માટે ઉપરોક્ત નિર્ણય લીધા છે.

સરકારે રેમડિસિવિર બનાવતી ઘરેલુ કંપનીઓ કહ્યુ છે કે, દવાના સ્ટોક, ડિટેલ અને ડિસ્ટ્રિબ્યુટરને લગતી જાણકારી વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવે. જો કોઈ કંપની કે ડિસ્ટ્રિબ્યુટર છેતરપિંડી કરતા પકડાશે તો તેમના પર કાર્યવાહી થશે.

સરકારનુ કહેવુ છે કે, આવનારા દિવસોમાં તેની માંગમાં હજી વધારો થવાનો છે. જેના કારણે ઈન્જેક્શન પર પ્રતિબંધ મુકવો જરુરી છે.




## પંજાબમાં કોંગ્રેસના ૨ અને ભાજપના ૧ નેતાએ થામ્યો આમ આદમી પાર્ટીનો હાથ

પંજાબમાં આમ આદમી પાર્ટી ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગઈ છે. પંજાબમાં નાનાથી મોટા નેતાઓ ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયા છે, જેના કારણે રાજ્યમાં પાર્ટીની લોકપ્રિયતા વધી રહી છે. આ કારણોસર, અન્ય પક્ષોએ 'આપ' માં જોડાવાનું શરૂ કર્યું છે. મંગળવારે કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી, સેક્રેટરી અને ભાજપના ઉદ્યોગ પાંખના પ્રમુખ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

'આપ' માં જોડાનારા ચહેરાઓમાં ભાજપના નેતાઓ અશ્વીર સિંઘ સદિઓરા અને કોંગ્રેસના નેતાઓ રાજીવ ભગત અને ગુરશરન સિંહ છે. આ નેતાઓ તેમના ઘણા સાથીદારો સાથે પાર્ટીમાં જોડાયા હતા. આ નેતાઓ આપના પંજાબના પ્રભારી જર્નાઈલ સિંહ અને પાર્ટીના પ્રદેશ મહામંત્રી હરચંદસિંહ બારસતની હાજરીમાં પાર્ટી મુખ્યાલયમાં પાર્ટીમાં જોડાયા હતા. પાર્ટીના અન્ય કેટલાક અધિકારીઓ અને વિવિધ જિલ્લાના નેતાઓ પણ હાજર રહ્યા હતા.

## વિશ્વના સૌથી લાંબા લોકડાઉન બાદ બ્રિટન અનલોક થઈ ગયું

લંડન, તા. ૧૪

બ્રિટનમાં ૯૭ દિવસ બાદ ફરી એક વખત રોનક દેખાવા માંડી છે. કારણે દુનિયાના સૌથી લાંબા લોકડાઉન બાદ હવે દેશ અનલોક થવા માંડ્યો છે.

બ્રિટનના બજારો, રેસ્ટોરન્ટ, પાર્કમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. ૯૭ દિવસ બાદ મળેલી આઝાદીની ખુશી લોકોના ચહેરા પર જોઈ શકાય છે.

બ્રિટન માટે સારી ખબર એ છે કે અહીંયા કોરોના કેસ બહુ ઓછા થઈ ગયા છે. દુનિયાના સૌથી લાંબા અને આકરા લોકડાઉન બાદ હવે દેશ અનલોક થવા માંડ્યો છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસના કારણે પાંચ જાન્યુઆરીથી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી અને જાત જાતના પ્રતિબંધો લગાવાયા હતા.

હવે મહિનાઓ બાદ સેંકડો જિમ, હેર સલૂન, રિટેલ સ્ટોર ખુલી ગયા છે. જ્યારે લોકડાઊન લાગાવાયુ ત્યારે બ્રિટનમાં કોરોનાનો કહેર હાહાકાર મચાવી રહ્યો હતો. રોજના ૫૦૦૦૦ કેસ સામે આવી રહ્યા હતા.




